# નિદર્શન 13

**ઈન્ડક્ટિવ પરિપથમાં ડાયરેક્ટ પ્રવાહ (એકદિશીય પ્રવાહ) (dc) ને જ્યારે સ્વિચ ઑફ કરીએ ત્યારે ઊંચા મૂલ્યનું વિદ્યુતચાલક બળ ઉદ્ભવે છે તેમ નિદર્શન કરવું.**

આકૃતિ D 13.1માં દર્શાવ્યા પ્રમાણે પરિપથ બનાવવો. બૅટરી સાથે શ્રેણીમાં જોડેલા ગૂંચળાના બે છેડા સાથે જોડેલા હોલ્ડરમાં ફિટ કરેલા નીઓનનો ગોળો N છે. કળ K બંધ કરતા જોવા મળે છે કે ગોળો ચાલુ થતો નથી. હવે કળ K ઑપન કરો. ગોળો પ્રજ્વલિત થશે જે દર્શાવે છે કે ઈન્ડક્ટર Lમાં મોટું પ્રેરિત વિદ્યુતચાલકબળ ઉદ્ભવ્યું છે. વિદ્યુતચાલકબળનું ઉદ્ગમસ્થાન સ્વિચ ઑફ કર્યા પછી પણ આ પ્રેરિત વિદ્યુતચાલકબળના ગૂંચળામાંથી પસાર થતા વિદ્યુતપ્રવાહને જાળવી રાખે છે.




*આકૃતિ D 13.1 : જ્યારે પરિપથમાં પ્રવાહ બંધ કરીએ ત્યારે જ નીઓન ગોળો N ચાલુ થાય છે*

**નોંધ**

(1) જ્યારે વિદ્યુતપ્રવાહને સ્વિચ ઑન કર્યો હોય ત્યારે બેક વિદ્યુતચાલકબળ (Back emf) એ બૅટરીના વિદ્યુતચાલકબળ કરતા વધુ ન હોઈ શકે કારણ કે બંનેના પરિણામી એ બૅટરીના ધન છેડામાંથી (રૈવાજિક) પ્રવાહ પસાર કરવો જ પડે. જોકે સ્વિચ ઑફ કરતા, પરિસ્થિતિ કંઈક જુદી હોય છે. ઈન્ડક્ટર Lમાં ઊંચું વિદ્યુતચાલકબળ ઉદ્ભવે છે કે જે પ્રવાહના વહનને જાળવે છે. જેથી ગોળો ચાલુ થાય છે.

(2) ફેરેડેના વિદ્યુતચુંબકીય પ્રેરણના નિયમ પ્રમાણે, જ્યારે કળ ઑપન કરો ત્યારે બૅટરીમાંથી પ્રવાહ તરત જ બંધ થાય છે અને આ હકીકતના કારણે એ ઊંચું પ્રેરિત વિદ્યુતચાલકબળ ઉદ્ભવે છે. એટલે જ ગૂંચળામાં ચુંબકીય ફ્લક્સના ઘટાડાનો દર ઊંચો હોઈ એક ઊંચું વિદ્યુતચાલકબળ ઉદ્ભવે અને તેથી જ ગોળામાંથી વિદ્યુતપ્રવાહ પસાર થાય.

(3) પરિપથને સ્વિચ ઑન કર્યા પછી નીઓનનો ગોળો પ્રજ્વલિત થતો નથી. આનું કારણ - નીઓન ગોળાનો સ્ટ્રાઈકિંગ (striking) વોલ્ટેજ (આશરે 150V) એ બૅટરી E ના સપ્લાય વોલ્ટેજ જે સામાન્ય રીતે 2 થી 3V હોય છે, તેના કરતા ઘણું વધારે છે.

(4) જ્યારે વિદ્યુતચાલક બળનું ઉદ્ગમ (બૅટરી) કટ ઑફ કરીએ, ત્યારે નીઓન ગોળાને ચાલુ થવા માટેની ઊર્જા ક્યાંથી આવે છે ? જે ગૂંચળા L માં પસાર થતા પ્રવાહની સાથે સંકળાયેલા ચુંબકીય ક્ષેત્રમાંથી આવે છે. માટે આ પ્રયોગ ચુંબકીય ક્ષેત્રમાં ઊર્જા હોવાનું પણ સ્પષ્ટપણે નિદર્શન કરે છે.

(5) જે ગૂંચળામાં પ્રવાહ પસાર થતો હોય તે જ ગૂંચળામાં પ્રેરિત વિદ્યુતચાલકબળની હાજરીની ઘટનાને આત્મપ્રેરણ કહે છે. ગાણિતીય રીતે ગૂંચળાના આત્મપ્રેરકત્વ (L)ને સમીકરણ

$E = -L\dfrac{dI}{dt}$ વડે વ્યાખ્યાયિત કરી શકાય.

અહીં $E$ એ પ્રેરિત વિદ્યુતચાલકબળ અને $\dfrac{dI}{dt}$ એ ગૂંચળામાંથી પસાર થતા પ્રવાહના ફેરફારનો દર છે. ઉપરના સમીકરણમાં ઋણ નિશાની પ્રેરિત વિદ્યુતચાલકબળની દિશા પ્રવાહના ફેરફારની દિશાને વિરુદ્ધ હોય છે અને પ્રવાહને અચળ જાળવવાનું વલણ દર્શાવે છે.

(6) આત્મપ્રેરકત્વની યાંત્રિક સમરૂપતા :

ઉપરનું સમીકરણ યંત્રશાસ્ત્રના નીચેના સમીકરણને સમતુલ્ય છે. પોતાના જડત્વના કારણે ગતિશીલ પદાર્થનું બીજા પદાર્થ પર બળ $= -m\dfrac{dv}{dt}$ જ્યાં $m$ એ દ્રવ્યમાન અને $\dfrac{dv}{dt}$ એ પદાર્થના વેગના ફેરફારનો દર એટલે કે પ્રવેગ છે. અહીં પણ ઋણ નિશાની દર્શાવે છે કે, બળની દિશા વેગના ફેરફાર કરતા વિરુદ્ધ અને વેગ અચળ જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. એટલે જ વિદ્યુતતંત્રમાં ઇન્ડક્ટર L એ યાંત્રિક તંત્રમાં દળ mની ભૂમિકા ભજવે છે. દા.ત., ગૂંચળામાં dc પ્રવાહને સ્વિચ ઑન કરવું એ હથોડાને પ્રવેગિત કરવું તેને સમરૂપ છે. એટલે જ dc પ્રવાહને સ્વિચ ઑફ કરવું એ હથોડી ખીલીને અથડાય અને તરત ઊભી રહી જાય તથા ખીલી ઉપર વધુ બળ લગાવે તેને સમરૂપ છે.

# નિદર્શન 14

**( i ) સ્ટીલના એક સળિયા પર પ્રાઈમરી અને સેકન્ડરીને વીંટાળી ટ્રાન્સફોર્મરના સિદ્ધાંત અને**
**( ii ) લેમિનેટેડ કોર (Laminated Core)નો ઉપયોગ કરીને એડી પ્રવાહોને દૂર કરવાનું નિદર્શન કરવું.**

(i) *સ્ટીલના એક સળિયા પર પ્રાઈમરી અને સેકન્ડરીને વીંટાળી ટ્રાન્સફોર્મરના સિદ્ધાંતનું નિદર્શન કરવું:*

15 cm લાંબો અને 13 cm વ્યાસ ધરાવતો નરમ લોખંડનો એક સળિયો લો. તેના પર એક જાડો કાગળ વીંટાળી દો. 200 આંટા ધરાવતી ઈનેમલ્ડ કોટીંગ (enamelled) તાંબાના તાર (22 SWG અથવા 20 SWG)*નું બનેલું ગૂંચળું P તેના પર વીંટાળો. આકૃતિ D 14.1માં બતાવ્યા પ્રમાણે 50 આંટા ધરાવતી ઈનેમલ્ડ તાંબાના તાર (18 SWG અથવા 16 SWG)નું બનેલું બીજું ગૂંચળું S વીંટાળો. બંને ગૂંચળાને સળિયાની સમાન લંબાઈ પર વીંટાળ્યા હોવાથી એક ગૂંચળામાં પ્રવાહ પસાર કરવાથી ઉત્પન્ન થતું ચુંબકીય ફ્લક્સ લગભગ સંપૂર્ણ રીતે બીજા ગૂંચળા સાથે સંકળાય છે. કોઈ એક સ્ટેપ ડાઉન ટ્રાન્સફોર્મર (step down transformer)માંથી મળતા 6V ac સપ્લાયને ગૂંચળા P સાથે જોડવો. ગૂંચળા Sને ac વોલ્ટમીટર (0 – 10V) સાથે જોડવું. એક સમાન ac વોલ્ટમીટર ગૂંચળા P સાથે પણ જોડવું. ગૂંચળા P માં પ્રવાહ ચાલુ કરો અને બંને ગૂંચળા પર મળતો વોલ્ટેજ $V_P$ અને $V_S$ નોંધો. $V_P$ અને $V_S$નો ગુણોત્તર શોધો. તમને જોવા મળશે કે, આ ગુણોત્તર P અને Sના આંટાના ગુણોત્તર જેટલો છે એટલે કે $\frac{V_P}{V_S} = \frac{N_P}{N_S}$




*આકૃતિ D 14.1 : "I" આકારના લોખંડના ગર્ભ પર બે ગૂંચળા વિંટાળી બનાવેલું સાદું ટ્રાન્સફોર્મર*

* *પાન નંબર 289 પર કોષ્ટક $D_s$ 6 જુઓ.*

**નોંધ**

(1) ગૂંચળા P (જેની પર ac વોલ્ટેજ આપેલું છે.)ને પ્રાઈમરી (પ્રાથમિક) અને ગૂંચળા S (જેમાં ac પ્રેરિત થાય છે.)ને સેકન્ડરી (ગૌણ) કહે છે.

(2) ગૂંચળું S એ ગૂંચળા Pના એકદમ નજીક હોવાથી (તેઓ એકબીજા સાથે જોડાયેલા નથી પણ અવાહક ઈનેમલના કારણે અલગ છે.) પ્રાથમિકમાંથી પાવર ગૌણ ગૂંચળામાં અન્યોન્ય પ્રેરણથી ટ્રાન્સફર થાય છે.

(3) ઉપરના સમીકરણ પરથી એ સ્પષ્ટ થાય છે કે, ટ્રાન્સફોર્મર ગુણોત્તર $\frac{N_p}{N_s}$ ની યોગ્ય પસંદગી કરી, આપણે Pની સરખામણીમાં S માં ઊંચું અથવા નીચું વોલ્ટેજ મેળવી શકીએ.

(4) એ નોંધનીય છે કે સ્થિર dc વોલ્ટેજને ટ્રાન્સફોર્મર વડે સ્ટેપ-અપ અથવા સ્ટેપ-ડાઉન ન કરી શકાય કારણ કે સ્થિર dc વોલ્ટેજ બદલાતું ચુંબકીય ફ્લક્સ ઉત્પન્ન કરી શકતો નથી અને એટલે જ તે વોલ્ટેજ પ્રેરિત કરી શકતો નથી.

(5) ટ્રાન્સફોર્મર એ અન્યોન્યપ્રેરણ (Mutual induction)નો મહત્ત્વનો ઉપયોગ છે. બંને ગૂંચળાના આંટાના ગુણોત્તર પર આધારિત ac વોલ્ટેજને ટ્રાન્સફોર્મર સ્ટેપ-અપ અથવા સ્ટેપ-ડાઉન કરી શકે છે.

(ii) *લેમિનેટેડ કોરનો ઉપયોગ કરી એડી પ્રવાહોને દૂર કરવાનું નિદર્શન કરવું*

ઉપરના નિદર્શનમાં Pને 6 V ac સાથે સતત થોડા સમય માટે રાખી હાથ વડે ગર્ભ અને ગૂંચળાની ઉષ્ણતા અનુભવો. તમને જોવા મળશે કે કોર (ગર્ભ) વધુ ગરમ બને છે જ્યારે તાંબાના તારનું ગૂંચળું પ્રમાણમાં ઠંડું હોય છે. જ્યારે ટ્રાન્સફોર્મર અડકી પણ ન શકાય એવું ગરમ થાય ત્યારે તેને સ્વિચ ઑફ કરવું. નહિતર તાંબાના તાર પરનું ઈનેમલનું પડ સળગી જશે. એડી પ્રવાહના કારણે કોર (ગર્ભ) ગરમ થાય છે (અવરોધક ઉષ્ણતા). ગર્ભને વધુ સંખ્યામાં નળાકાર કવચો (Shells)નો બનેલો માની લેતા અને તેમાંનું એક કવચ ધ્યાનમાં લઈએ (આકૃતિ D 14.2). ગૂંચળાની જેમ જ કવચમાંથી પસાર થતા ચુંબકીય ફ્લક્સમાં ફેરફાર તેમાં વિદ્યુતપ્રવાહ પ્રેરિત કરે છે. ગર્ભ જેનો બનેલો છે તે બધા જ કવચોમાં પ્રેરિત વિદ્યુતપ્રવાહ ઉદ્ભવે છે. હવે લોખંડના ઘન સળિયાને બદલે ઈનેમલ કોટ વડે એકબીજાથી અલગ કરેલા પાતળા નરમ લોખંડના તારોને ભેગા દબાવીને બનાવેલ લેમિનેટેડ કોર લો. આ કોરનો ઉપયોગ કરી ઉપરના નિદર્શનનું પુનરાવર્તન કરો. તમે જોશો કે તારનો બનેલો કોર ખૂબજ ધીમે-ધીમે ગરમ થાય છે.




***આકૃતિ D 14.2 :** ગર્ભની અંદર બદલાતા ચુંબકીય ફ્લક્સ એ ગર્ભની અંદર કોઈપણ નળાકાર કવચની આજુબાજુ પ્રેરિત વિદ્યુતચાલકબળ ઉત્પન્ન કરે છે.*

**નોંધ**

(1) નરમ લોખંડના તારમાંનો ઈનેમલ એડી પ્રવાહોને સારા પ્રમાણમાં ઓછું કરે છે કારણ કે વિદ્યુતપ્રવાહ એક તારમાંથી બીજા તારમાં જતો નથી. તેમ છતાં દરેક તારની અંદર તો અમુક એડી પ્રવાહો તો હોય છે જ.

(2) આ પ્રકારના કોર (ગર્ભ) ઊંચી આવૃત્તિ માટે નકામા છે તે ઉલ્લેખ કરવો જ પડે.

# પરિશિષ્ટ 1

## સાદુ ઈલેક્ટ્રોસ્કૉપ બનાવવું અને પદાર્થ પરના વિદ્યુતભારને પારખવા માટે તેનો ઉપયોગ કરવો

આકૃતિ $A_x$ 1 (a)માં દર્શાવ્યા પ્રમાણે ધાતુના તારને વાળો અને તેના એક છેડે દટ્ટો બનાવો. (તમે તારના છેડા Aને ઘણી વખત વળ ચઢાવીને આવો દટ્ટો બનાવી શકો છો.) ઍલ્યુમિનિયમના પાતળા વરખની લગભગ 8 cm લાંબી અને 1/2 cm પહોળી પટ્ટી લો. તેને મધ્યમાંથી ગોળ આકારમાં વાળો. તેને ખૂબ જ હળવેકથી તારના સમક્ષિતિજ છેડા B પર મૂકો. કાચની ઊંચી બરણી અથવા ટંબ્લર લો. 2 cm પહોળી અને 10 cm લાંબી ઍલ્યુમિનિયમના વરખની બે પટ્ટી C અને D કાચના ટંમ્બ્લરની સામસામેની બાજુએ ચોંટાડો. કૉપરના તાર કે જેના B છેડે ઍલ્યુમિનિયમની વાળેલી પાતળી પટ્ટી છે તેને હળવેકથી નીચે ઉતારો. તારની દિશા એવી હોવી જોઈએ કે જેથી C એ વાળેલી ઍલ્યુમિનિયમની પટ્ટીનો અડધા ભાગની સામે આવે અને D એ બાકીના અડધા ભાગની સામે આવે. [આકૃતિ $A_x$ 1 (b)]. E એ તારને ટેકો (આધાર) આપવા માટે પૂંઠા (કાર્ડ બૉર્ડ)ની તકતી છે. આ તમારું ઈલેક્ટ્રૉસ્કોપ છે.

આપેલો પદાર્થ (દા.ત. કાચનો સળિયો) વિદ્યુતભારિત છે કે નહિ તે ચકાસવા માટે તેને ઈલેક્ટ્રૉસ્કોપની નજીક લાવો અને છેડા A સાથે સંપર્ક કરાવો. જો આપેલો પદાર્થ વિદ્યુતભારિત હશે તો તમે જોઈ શકો છો કે ઍલ્યુમિનિયમની પટ્ટી છૂટી પડે છે. ઈલેક્ટ્રૉસ્કોપની મદદથી દર્શાવી શકાય કે, પદાર્થોને ઘસવાથી તેના પર વિદ્યુતભાર સ્થાપિત કરી શકાય છે. તમે એ પણ દર્શાવી શકો છો કે, ઘસવાની




*આકૃતિ $A_x$ 1 (a),(b) : ઍલ્યુમિનિયમ ફોઈલ ગોઠવેલ ઈલેક્ટ્રૉસ્કોપ*

પ્રક્રિયા દરમિયાન, આ પ્રક્રિયામાં સામેલ બે પદાથો પર વિજાતિય વિદ્યુતભારો પ્રસ્થાપિત થાય છે.

# પરિશિષ્ટ 2

**ધાતુના તારમાં 'ઈલેક્ટ્રૉન ડ્રિફ્ટ'નું યાંત્રિક મૉડેલ બનાવવા માટેનું માર્ગદર્શન**

લગભગ 3 cm પહોળી અને 50 cm લાંબી સીધી ઍલ્યુમિનિયમ ચેનલ AB લો [આકૃતિ $A_x$ 2 (a)]. પરમાણુઓ કે ધન આયનોને સાઈકલના સ્ટીલના નાના છરાઓ (લગભગ 3 mm વ્યાસવાળા) વડે અને મુક્ત ઈલેક્ટ્રૉનને નાના મોતીઓ (ઈલેક્ટ્રોસ્ટેટ મશીનમાં વાપર્યા છે તે) રજૂ કરેલ છે જ્યારે ચેનલને ત્રાંસી કરવામાં આવે ત્યારે નાના મોતીઓ મુક્ત રીતે ફરી શકે છે. સ્ટીલના ગોળાઓના તળિયે એરેલડાઈટ જેવું પ્રબળ એડહેસિવ લગાવી ઍલ્યુમિનિયમની સપાટી પર ચોંટાડવામાં આવે છે. એડહેસિવના કારણે, નાના મોતીઓ જ્યારે સ્ટીલની ગોળીઓને અથડાય ત્યારે તેના સ્થળાંતર (ઘસડાઈને)માં કોઈ અવરોધ ના આવવો જોઈએ. માટે, એડહેસિવ લગાવતાં પહેલાં, ચેનલ પરના દરેક બિંદુને સ્ફટિક લેટિસ નેટવર્કની પદ્ધતિ (આકૃતિ $A_X$ 2 (b)) પ્રમાણે પુનરાવર્તિત રીતે અંકિત કરવા. આ પદ્ધતિને વધારે સારી રીતે સિદ્ધ કરવા ચેનલના માપના આલેખ પેપરની સ્ટ્રિપને ચોંટાડવી જોઈએ. દડાઓ વચ્ચેની પરસ્પર ગૅપ ઈલેક્ટ્રૉનને રજૂ કરતાં મોતીઓની (મણકાઓની) સાઈઝથી લગભગ બમણી છે.




*આકૃતિ $A_x 2$ : "ઈલેક્ટ્રૉન ડ્રિફ્ટ"ના યાંત્રિક મૉડેલની બનાવટ. (a) લાકડાના પૂંઠા પર ઍલ્યુમિનિયમ ચેનલની ગોઠવણી (b) બૉલબેરિંગને ફલક કેન્દ્રિય સ્ફટિક (face centred cristal) લૅટિસની પદ્ધતિમાં ગોઠવવા*

**નોંધ :** *આ આકૃતિ માપક્રમિત નથી.*




***આકૃતિ $A_x$ 2 :*** *"ઈલેક્ટ્રૉન ડ્રિફ્ટ"ના યાંત્રિક મૉડેલની બનાવટ (c) નિદર્શનની સંપૂર્ણ ગોઠવણી*
*(d) ચેનલના ઉપર છેડે નાના મણકાઓ સતત પૂરા પડે તેવા સાધનની રચના કરવી*
*(e) ચેનલના નીચેના છેડે મણકા ભેગા કરવા ખુલ્લા અને સૂકાં ખોખાંઓ મૂકવાં*

ચેનલના પાયાને સ્થિત બનાવવા તેને તેટલી જ પહોળાઈના પરંતુ 6 cm લંબાઈમાં નાના હોય તેવા, 2.5 cm જાડાઈના લાકડાના પૂંઠા પર એડહેસિવ લગાવી ગોઠવવી વધુ સારી છે. (સ્ક્રૂ વડે ફિક્સ ન કરવી જોઈએ).

નાના મણકાઓને ચેનલના ઉપરના છેડે ભેગા કરવા, દડાઓ (ગોળીઓ) સાથે સંઘાત કરાવવા અને ચેનલ પર ઘસડાઈને સ્થાનાંતર કરાવવા યોગ્ય એવી સુધારેલ પ્લાસ્ટિકની એક ફનેલ(નાળચું Funnel)ને મણકાઓથી ભરી છેડાની નજીક મૂકવી. જેને રિંગ સ્ટૅન્ડ પર આધાર આપી શકાય. [આકૃતિ $A_x$ 2 (c)] ફનેલના સુધારા માટે તેને કાળજીપૂર્વક એવી રીતે કાપવામાં આવે કે જેથી તેની નીચેની બાજુનું મુખ લગભગ 2.5 cm વ્યાસનું થાય. તેના નીચેના છેડે લગભગ દસ કાણાં પાડેલ ઍલ્યુમિનિયમની વર્તુળાકાર તકતી મૂકવામાં આવે છે કે જેમાં કાણાંની સાઇઝ એટલી પૂરતી હોવી જોઈએ કે જેથી તેમાંથી મણકો પડી શકે. [આકૃતિ $A_x$ 2 (d)] તમારે કેટલાંક ખોખાં / પૂંઠાઓ, જે 2 થી 3 cm જાડાં હોય તેની જરૂર પડશે, જેથી ચેનલને ઇચ્છિત ઢાળ આપી શકાય અને નાની ગોળીઓ દડાઓને અથડાઈને ડ્રિફ્ટ (ઘસડાઈને સ્થાનાંતર) થતી રહે. ચેનલના બીજા છેડે મણકાઓ ભેગા કરવા નાનાં ખુલ્લાં ખોખાંઓની જોડી સમાવતી ટ્રે (પ્લેટ)ની જરૂર પડશે. [આકૃતિ $A_x$ 2(e)]. જ્યારે ઊંચા સ્થિતિમાને રહેલ ખોખું 3/4 ભરાઈ ત્યારે મણકાઓ 3 $cm^3$ જેટલા માપે નીચા સ્થિતિમાને રાખેલ ખોખાંમાં ફેરબદલ થાય છે.

# પરિશિષ્ટ 3

## અવરોધકો અને તેનાં મૂલ્યો દર્શાવતા વર્ણસંકેતો (Colour Codes)

કાર્બન અવરોધો કાર્બન બ્લૅક (સુવાહક)ની માટી અને રેઝિન (અવાહક)ના મિશ્રણથી બને છે. આ મિશ્રણને દબાવી, ગરમ કરી સળિયા સ્વરૂપે ઘાટ આપવામાં આવે છે. મિશ્રણની અવરોધકતા કાર્બનના પ્રમાણ પર આધારિત છે. આવા અવરોધની સ્થિરતા નબળી હોય છે અને તેનાં મૂલ્યો લગભગ $\pm$ 10 % સુધી ચોકસાઈવાળા હોય છે પરંતુ તેઓ સસ્તાં, નાનાં અને ઘણાં બધાં કાર્યો કરવા માટે પૂરતાં સારાં હોય છે. અવરોધનાં મૂલ્યો કલરના નિશાનથી દર્શાવાય છે. [આકૃતિ $A_x$ 3 (a)] જુદા-જુદા કલર સાથે સંકળાયેલ અંકો નીચે દર્શાવ્યા મુજબ છે :

**કોઠો $A_x$ 3.1**

| અંક | રંગ | અંક | રંગ |
|---|---|---|---|
| 0 | કાળો | 5 | લીલો |
| 1 | કથ્થઈ | 6 | વાદળી |
| 2 | લાલ | 7 | જાંબલી |
| 3 | નારંગી | 8 | ભૂખરો(રાખોડી) |
| 4 | પીળો | 9 | સફેદ |

સહનશીલતા : સોનેરી (ગોલ્ડ) $\pm$ 5 %, રૂપેરી (સિલ્વર) $\pm$ 10 %, કોઈ જ કલર ના હોય તો $\pm$ 20 %,




*આકૃતિ $A_x$ 3(a) : રંગના સંકેત સાથેનો કાર્બન-અવરોધ*

હવે આ કલર સંકેતના સ્થાને સાદા નિશાનનો ઉપયોગ થાય છે, જે નીચેના ઉદાહરણથી સમજી શકાશે.

કોઠો $A_x$ 3.2

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મૂલ્ય | 0.27 Ω | 1 Ω | 3.3 Ω | 10 Ω | 220 Ω | 1000 Ω |
| નિશાન | R 27 | 1 RO | 3 R 3 | 10 R | K 22 | 1 K0 |
| મૂલ્ય | 1200 Ω | 68 KΩ | 100 KΩ | 1 MΩ | 6.8 MΩ | 470 KΩ |
| નિશાન | 1 K2 | 68 K | M10 | 1M0 | 6M8 | M47 |

આ પદ્ધતિમાં સહનશીલતાને નીચેના અક્ષરો વડે દર્શાવાય છે :

F = $\pm$ 1 %, G = $\pm$ 2 %, J = $\pm$ 5 %, K = $\pm$10 %, M = $\pm$ 20 %

ઉદાહરણ : 5 K 6 K = 5.6 kΩ $\pm$ 10 %

M 47 J = 470 kΩ $\pm$ 5 %

K10F = 100 Ω $\pm$ 1 %

કાર્બન ફિલ્મ અવરોધો તાજેતરમાં પ્રખ્યાત થયા છે. સામાન્ય રીતે આ પ્રકારના અવરોધોની સ્થિરતા અને ચોકસાઈ સામાન્ય રીતે $\pm$ 2 % છે, તથા પાવર રેટિંગ 1/8 અને 1/2 વોટ છે. તેની રચના [આકૃતિ $A_x$ 3(b)] મુજબ છે.




*આકૃતિ $A_x$ 3(b) : કાર્બન ફિલ્મ અવરોધ*

સિરામિકના સળિયાને 1000° C સુધી મિથેનની બાષ્પમાં ગરમ કરતાં સળિયા પર કાર્બનની સમાન (એકધારી) ફિલ્મ છૂટી થઈ જમા થાય છે. ફિલ્મનો અવરોધ જાડાઈ પર આધાર રાખે છે. ફિલ્મનો અવરોધ હજુ પણ સર્પિલ ખાંચાઓ કાપી વધારી શકાય છે. બે ધાત્વીય છેડાઓને જોડતી પરિણામી સર્પિલ આકારની કાર્બન ફિલ્મ જેટલી પાતળી અને લાંબી તેટલો તેનો અવરોધ વધારે. સર્પિલ આકારની ખાંચને કાપ્યા પછી, ફિલ્મને એપોક્ષી (epoxy) રેઝિનના સ્તર વડે ઢાંકવામાં આવે છે.

ઉચ્ચ ચોકસાઈ અને સ્થિરતા માટે અવરોધોને હંમેશાં તાર વડે બનાવાય છે, જ્યારે મોટા પાવર રેટિંગ (2 વૉટ કરતાં વધારે)ની જરૂરિયાત હોય. જેમ તાર પાતળો અને લાંબો તેમ તેનો અવરોધ વધુ, આ હકીકતનો ઉપયોગ તેઓ કરે છે. ઊંચી ચોકસાઈ માટે મૅંગેનીન (મૅંગેનીઝ, કૉપર, નિકલની મિશ્ર ધાતુ)ના પ્રમાણિત અવરોધનો તાર વપરાય છે કેમ કે તેનો તાપમાન અવરોધક ગુણાંક ઓછો (= $10^{-5}$ °$C^{-1}$) છે. કોન્સ્ટનટન (યુરેકા) જે કૉપર અને નિકલની મિશ્ર ધાતુ છે તેનો ઉપયોગ પણ જુદા-જુદા હેતુસર થાય છે. (તાપમાનનો અવરોધક ગુણાંક = $\pm$ 2 × $10^{-5}$ ° $C^{-1}$ (અણધારી રીતે)). નિક્રોમ (નિકલ અને ક્રોમિયમની મિશ્રધાતુ)ના તાર વ્યાપારિક અવરોધો અને ઉષ્મીય સાધનોમાં વપરાય છે. (તાપમાનનો અવરોધક ગુણાંક = 10 × $10^{-5}$ °$C^{-1}$)

# પરિશિષ્ટ 4

## ખુલ્લા પ્રકારનું કામચલાઉ ફ્યુઝ હૉલ્ડર

ફ્યુઝના કાર્યના નિદર્શન માટે, આ પ્રકારનો ફયુઝ-હૉલ્ડર વર્ગખંડમાં ખૂબ જ ઉપયોગી છે. સફેદ પૃષ્ઠભૂમિ પર તૈયાર કરેલો આ ફ્યુઝ તાર વિદ્યાર્થીઓને સ્પષ્ટ દેખાઈ શકે છે. બળી ગયેલો ફ્યુઝ તાર 5 થી 10 સેકન્ડમાં બદલી શકાય છે.

5 cm લાંબી, 6 mm જાડી (1/4"), 25 mm પહોળી લાકડાની સરખી બે પટ્ટીઓ લો. દરેક પટ્ટીને શંકવાકાર રાખવા તેના એક છેડાને કાચ કાગળથી ઘસો. શંકવાકાર છેડાઓને સાથે મજબૂત એડહેસિવ વડે જોડો અને ઊંધો V– આકાર બનાવો. [આકૃતિ $A_x$ (4)]. બે ક્રોકોડાઈલ ક્લિપ સોલ્ડરમાં લગાવેલા 1 m ના મુક્ત વિદ્યુતતાર વાળી બે ક્રોકોડાઈલ ક્લિપને છેડાઓ તરીકે વાપરો તેની ક્ષમતા 15 Aની હોય તેવા કૉપરના તારના બનેલા છે. બંને ક્રોકોડાઈલ ક્લિપોને મજબૂત એડહેસિવ. (જેવા કે એરેલડાઈટ) વડે ઢાળવાળા હાથા પર ચોંટાડો. હવે ફ્યુઝ-હૉલ્ડર તૈયાર થઈ ગયો.




*આકૃતિ $A_x$ 4 : ખુલ્લા પ્રકારનો ફ્યુઝ-હૉલ્ડર*

ફ્યુઝ તારાને ફ્યુઝ-હૉલ્ડરમાં લગાવવા 12 cm લંબાઈનો ફ્યુઝ તાર લો. ક્રોકોડાઈલ ક્લિપના બાહ્ય છેડે તારના એક છેડાના બે આંટાઓ વીંટાળો. આ જ રીતે બીજા છેડાને બીજી ક્રોકોડાઈલ ક્લિપ સાથે લગાવો, વચ્ચે 5 થી 6 cm તારની લૂપ રાખો.

# પરિશિષ્ટ 5

**પ્રવાહના સ્રોત તરીકે માત્ર બે સૂકા કોષ વાપરી સુરેખ વાહક વડે ઉત્પન્ન થતા ચુંબકીયક્ષેત્રના અભ્યાસ માટે ચોરસ ગૂંચળું બનાવવું**

366 cm લંબાઈની ઍલ્યુમિનિયમ curtain (પડદાની) ચેનલ લો, તેના વડે ચોરસ બનાવો જેથી દરેક બાજુની લંબાઈ કુલ લંબાઈના $\frac{1}{4}$ ગણી એટલે કે 91.5 cm થાય. [આકૃતિ $A_x$ 5(a)] ચેનલની પહોળાઈ 6 mm કે 9 mm ઉપલબ્ધિ પ્રમાણે લઈ શકાય. દરેક ચોરસનો ખૂણો ગોળ હશે. ખૂણાની મજબૂતાઈ આપવા 90° એ યોગ્ય આકારના બ્રેકેટ મૂકવામાં આવે છે.




*આકૃતિ $A_x$ 5 :* *સુરેખ વાહક વડે ઉત્પન્ન થતા ચુંબકીયક્ષેત્રનો અભ્યાસ (a) મોટી ચોરસ કૉઈલ (ગૂંચળું) (b) ચુંબકીયક્ષેત્ર ઉત્પન્ન કરવા વિદ્યુતપ્રવાહ (c) વિદ્યુતપ્રવાહધારિત સુરેખ તારના લીધે, ચોરસ ગૂંચળાની મદદથી ચુંબકીયક્ષેત્ર ઉત્પન્ન કરવું*

આ ચોરસમાં પડ ચઢાવેલ 24 SWG ના તાંબાના તારના 40 આંટાઓ છે. આ ગૂંચળાનો 20° C તાપમાને અવરોધ લગભગ 11 ohm છે. આથી 2 સૂકા કોષને સામાન્ય બૅટરી બૉક્સ કે જે 3 Vનો emf આપી શકે તેમાં ગોઠવીને તમે ગૂંચળાને 250 mAનો પ્રવાહ આપી શકો. આના કારણે બધા જ વાહકોના એક છેડા પર સંયુક્ત રીતે કુલ પ્રવાહ 10 ampere મળે છે. જે પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રની હાજરીમાં 6 cmના અંતરે તટસ્થ બિંદુ આપે છે. લોખંડના ભૂકા વડે ક્ષેત્રની ભાતના નિદર્શન માટે દરેક ભૂજામાં કુલ 40 ampere નો વિદ્યુતપ્રવાહ આપવા માટે 12 volt ના dc પાવર સપ્લાય અથવા લેડ સંગ્રાહક કોષનો ઉપયોગ કરી શકો.

ટેબલ પર ગૂંચળાને શિરોલંબ [આકૃતિ $A_x$ 5(c)] માં દર્શાવ્યા પ્રમાણે નિશ્ચિત કરો. [આકૃતિ $A_x$ 5(b)] માં દર્શાવ્યા પ્રમાણે વિદ્યુત પરિપથ પૂર્ણ કરો. તેના શિરોલંબ છેડાઓને ટેબલ પર જડિત કરેલા બે સમક્ષિતિજ બૉર્ડના કેન્દ્રમાંથી પસાર કરો. કાર્ડ બૉર્ડ પર લોખંડના ભૂકાને પાથરી દો. 12 volt ના પાવર સપ્લાયની મદદથી 1 Aનો પ્રવાહ ગૂંચળામાંથી પસાર કરો અને કાર્ડ બૉર્ડને ટપારો. લોખંડના કણો પ્રવાહધારિત વર્તુળાકાર લૂપની ફરતે શિરોલંબ ભૂજાઓમાં પોતાને ગોઠવશે.

# પરિશિષ્ટ 6

## ચુંબકીય ક્ષેત્રના અભ્યાસ માટે સોલેનોઇડ બનાવવું

ઘર-વપરાશ માટેના વાયરિંગમાં સામાન્ય રીતે અર્થિંગ (earthing) જોડાણમાં વપરાતો કૉપર તાર (16 SWG) લો. પડ ચઢાવેલ તારનો ઉપયોગ વધુ યોગ્ય છે. આ તારના એકબીજાની નજીક રહે તેમ 42 આંટાઓ નળાકાર આકારની કાચની બોટલ, જેનો વ્યાસ 5 થી $5\frac{1}{2}$ cm ની વચ્ચે હોય તેના પર વીંટાળો. જ્યારે તમે બોટલને દૂર કરો ત્યારે તેના 4 આંટા નીકળી જાય છે અને માત્ર 38 આંટા જ રહે છે તથા એ જ વખતે તેનો વ્યાસ વધીને 55 mm થી 61 mm થાય છે. હવે 6 mm જાડી પ્લાયવુડની પટ્ટી લો, જેની લંબાઈ 16 થી 20 cm અને પહોળાઈ સોલેનોઇડના બાહ્ય વ્યાસ જેટલી હોય છે [આકૃતિ $A_x$ 6(a)]. તેની લાંબી ધાર પર 1.5 mm ઊંડાઈ અને 4 mm અંતરે ખાંચ બનાવો (એટલે કે 38 ખાંચો, 152 mm લંબાઈ પર બનશે). હવે તેને સોલેનોઇડમાં એવી રીતે લગાવો કે જેથી તેની ઉપરની સપાટી સોલેનોઇડની અક્ષ પરથી પસાર થતું સમક્ષિતિજ સમતલ બને. (નીચેની સપાટી પરના લૂપની ઊંચાઈ, ઉપરની સપાટી પરના લૂપની ઊંચાઈ કરતાં 6 mm ઓછી છે.) દરેક ખાંચમાં એરેલડાઇટ (અથવા અન્ય કોઈ એડહેસિવ)નું ટપકું મૂકી તેને 24 કલાક રહેવા દઈ, સખત થવા દો. આ પ્રમાણે સોલેનોઇડને પટ્ટી પર યોગ્ય સ્થાને ગોઠવી દો.




*આકૃતિ $A_x$ 6 : ચુંબકીયક્ષેત્રના અભ્યાસ માટે સોલેનોઇડ (a) અક્ષ પર સમક્ષિતિજ સમતલ ગોઠવવા માટેની પટ્ટી (b) સમક્ષિતિજ બૉર્ડ પર લગાવેલ સોલેનોઇડ (c) લગાડેલ સોલેનોઇડનો છેદીય દેખાવ*

લાકડાની પટ્ટીની સાઈઝ જેટલી બારીના કેન્દ્રમાં (30 cm × 40 cm)નું લાકડાનું બૉર્ડ બનાવો. બારીના બંને છેડે લાકડાની પટ્ટી સ્થિર રહી શકે તેમ બેઠકો બનાવો. લાકડાની પટ્ટીને વીંટાળેલા સોલેનોઇડ સહિત બેઠક પર નિશ્ચિત કરો. [આકૃતિ $A_x$ 6(b), (c)] બે ટર્મિનલો T અને T બૉર્ડના છેડા પર જડિત કરો અને તેને સોલેનોઇડના બે છેડાઓ સાથે જોડો.

તમારો સોલેનોઇડ તૈયાર છે. સોલેનોઇડને રીઓસ્ટેટ, કળ, બૅટરી અને એમીટર સાથે શ્રેણીમાં જોડો. તમે તેમાંથી 0 થી 10Aનો પ્રવાહ પસાર કરી શકો છો અને તેનું તાપમાન ઓરડાના તાપમાનથી માત્ર $3^{\circ}$ C થી $4^{\circ}$ C જેટલું વધે છે. પછી $30 \times 10^{-4}$ T જેટલું ચુંબકીયક્ષેત્ર ઉત્પન્ન થાય છે, જે ક્ષેત્રનું લોખંડના ભૂકા વડે બનતું સ્વરૂપ નિદર્શન માટે પૂરતું છે. સૂકા કોષ વડે તમે માત્ર 300 mA પ્રવાહ પસાર કરી, ચુંબકીય કંપાસની મદદથી ક્ષેત્ર સ્વરૂપ બનાવી શકો છો. 16 SWG કૉપરના ટૂંકા તારને અંદર ગોઠવી કંપાસ બનાવી શકાય છે. જેને સોલેનોઇડના આંટાઓ વચ્ચેની 2.5 mmની જગામાં મૂકી શકાય છે. તમે અંદરની બાજુએ ચુંબકીયક્ષેત્ર દોરવા માટે બૉલપૉઇન્ટ-રીફિલ કે નાની લંબાઈની પેન્સિલની લીડ વડે ટપકાં દોરી શકો છો.

# પરિશિષ્ટ 7

## રેઝર બ્લેડની જાડાઈ જેટલી એક સમાન પહોળાઈ ધરાવતી પાતળી સ્લિટ બનાવવી

ઓછામાં ઓછી 60 mm × 60 mm ની કાચની તકતી પર, તેટલા જ પરિમાણવાળી બીજી અન્ય કાચની પ્લેટ મૂકો, જેને બે ભાગ A અને B માં કાપો. [આકૃતિ $A_x$ 7(a)] A અને Bને બ્લેડ Cની જાડાઈ જેટલી દૂર રાખો. બ્લેડ Cની અણીદાર ધાર શિરોલંબ રહે તેમ તેમને વચ્ચે ઊભી ગોઠવો. A અને Bના અંત્ય ભાગોને ભેગા કરી એડહેસિવ ટેપ વડે ચોંટાડો, જેથી કામ કરતી વખતે તેમને ધક્કો ન લાગે. લગભગ 50 mm લંબાઈના A અને B એડહેસિવ ટેપ પરથી સ્પષ્ટ છે.

[આકૃતિ $A_x$ 7(b)] નવી બે બ્લેડો D અને Eનો એક-એક છેડો બ્લેડ Cને સ્પર્શે તેમ મૂકો. હવે D અને Eના અંત્ય છેડાઓને ભેગા કરી એડહેસિવ ટેપ T, T વડે ચોંટાડો.




***આકૃતિ $A_x$ 7 (a),(b) : રેઝર બ્લેડની જાડાઈ જેટલી સમાન પહોળાઈની પાતળી સ્લિટ બનાવવી***

બ્લેડ Cને દૂર કરી અને D અને Eને સંયુક્ત રીતે ઉપરની તરફ નીચે મૂકો. ટેપ T, Tની વધારાની પહોળાઈને જે હવે ઉપરની તરફ છે તે બાજુએ વાળી દો. જો આ જોડાણને કાયમી બનાવવું હોય તો એડહેસિવ ટેપને વાળવાને બદલે બ્લેડના મજબૂત એડહેસિવ (એરલડાઇટ) લગાડેલા નાના ટુકડાઓનો ઉપયોગ કરો. પછી આ D અને Eના જોડાણથી બનતી સ્લિટની સમાન પહોળાઈ, રેઝર બ્લેડ Cની જાડાઈ જેટલી થશે અને લંબાઈ બ્લેડ Cની પહોળાઈથી વધારે થશે. તમે વિવર્તન ભાતનું અવલોકન એક સ્લિટની મદદથી સીધો ફિલામેન્ટ ધરાવતા કાચના વિદ્યુત બલ્બ વડે કરી શકો. (ભૌતિકવિજ્ઞાન, પાઠ્યપુસ્તક, ધોરણ XII, ભાગ 2 (NCERT, 2007), પૃ. 371 જોઈ શકો.)

# પરિશિષ્ટ 8

**યંગના પ્રયોગ માટે સાદી બેવડી (Double) સ્લિટ બનાવવી**

માઇક્રોસ્કૉપની સ્લાઇડ લો. સાબુ અને પાણીથી તેને સાફ કરો અને તેને સુકાવા દો. કાચમાં નરી આંખે જોઈ શકાય તેવા તરંગો નથી તે ચકાસો. (તેમાંથી દૂરની વસ્તુને જુઓ અને તેને તેના સમતલમાં ખસેડો. જો દૂરની વસ્તુ હલતી દેખાય તો સ્લાઇડમાં તરંગો (રીપલ) છે અને જો ના તો (સ્લાઇડ) સારા કાચમાંથી બનેલ છે.)

હવે સ્લાઇડને ગ્રેફાઇટના પાતળા શ્લેષ્મ સ્તર જેવો અથવા આર્ટિસ્ટ (ચિત્રકાર) દ્વારા ઉપયોગમાં લેવાતા વોટર પ્રૂફ (પાણીથી દૂર ન થાય તેવા) કાળા રંગ દ્વારા રંગ કરો અથવા મીણબત્તીની જ્યોત ઉપર રાખીને તેના પર મેશને જમા થવા દો. અસ્રા (રેઝર)ની બે પતરી (બ્લેડ) લો. તેમને અંગૂઠા અને તર્જની (અંગૂઠા પાસેની આંગળી) વડે, (તેમના) ખૂણા પાસેથી પકડો અને આ ખૂણા વડે સ્લાઇડ પર રેખાઓની જોડ બનાવો. બે રેખાઓ, A અને B [આકૃતિ $A_x$ 8(a)] વચ્ચેનું અંતર, એ એક બ્લેડની જાડાઈ જેટલી છે. જો તમે તેમના ખૂણાથી દૂર પકડી હશે, તો રેખાઓ દોરતી વખતે, બ્લેડ વચ્ચેનું અંતર બદલાય અને રેખાઓ વચ્ચેનું અંતર અમુક જગાએ વધી શકે કે જ્યાં બ્લેડ એકબીજાથી દૂર થઈ હોય.

તમારે એક જ પ્રયત્નમાં રેખાઓ દોરવાની અને એટલા દબાણથી દોરવાની કે કાચ આ રેખાએ પારદર્શક બને. આ કારણથી ચારથી પાંચ સ્લાઇડ લઈ, દરેક ઉપર રેખાઓ બનાવો અને પછી પ્રકાશના રેખીય ઉદ્‌ગમ તરફ દરેક વડે જોઈને સારામાં સારી એક પસંદ કરવી સલાહભરેલું છે. [આકૃતિ $A_x$ 8 (a)]માં દર્શાવેલ ગોઠવણી સુરેખ રેખાઓની જોડ અને યોગ્ય જગાએ અને દિશામાં દોરવામાં મદદરૂપ થશે. સ્લાઇડ S ને કાચની સહેજ જાડી પ્લેટ P, Pની વચ્ચે રાખો. આ ત્રણને તેમની નીચેની સપાટી કે જે પ્રયોગ કરવાના ટેબલ સાથે સંપર્કમાં હોય પર ચીકણી પટ્ટી (એડહેસિવ ટેપ) વડે ચોંટાડો. ત્યાર બાદ નાની સુરેખ ધાર E (તે ધારવાળી બીજી કાચની પ્લેટ અથવા પ્લાસ્ટિકની માપપટ્ટી હોઈ શકે). P P પ્લેટના આધાર પર, એવી રીતે ગોઠવો કે જેથી કૉટેડ (કાળા રંગવાળી) સપાટી સ્પષ્ટ રીતે ઉપર તરફ રહે. ત્યાર બાદ ધાર Eની સાથે બ્લેડ વડે રેખાઓની જોડ દોરો.




*આકૃતિ $A_x$ 8 (a),(b)* : *રેઝર બ્લેડની જાડાઈ જેટલી સમાન પહોળાઈ પાતળી સ્લિટ બનાવવી*

ગ્રેફાઇટના પાતળા શ્લેષ્મ સ્તર અથવા વોટર પ્રૂફ સહી વડે સ્તર બનાવેલ સ્લાઇડમાં ગમે તે બાજુએથી (સ્તર) જોઈ શકાશે. તેમ છતાં, સ્લાઇડ કે જેના મેશ જમા થયેલ છે તેનાં સ્તર વિનાની બાજુ આંખ તરફ રાખવાથી તમારા ચહેરાના સંપર્કથી સ્લાઇડ ખરાબ થઈ શકે છે.

તેમાંથી મીટર (માપ) પટ્ટી, વિવર્તન ભાત સહિત, જોવા સમર્થ થાય તે માટે રેખાઓ A અને Bની જોડની વચ્ચે 5 mm × 5 mm (અથવા 5 mm વ્યાસ ધરાવતી વર્તુળાકાર), સ્પષ્ટ બારી W બનાવો. [આકૃતિ $A_x$ 8(b)] બારી બનાવવા માટે સ્લાઇડને રંગ કરતાં પહેલાં એડહેસિવ ટેપનો નાનો ટુકડો ચોંટાડવો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તેને રંગ કર્યા બાદ છરીની ટોચ વડે કાળજીપૂર્વક ટેપનો ટુકડો ઉખાડી લો. ટેપ સારી ગુણવત્તાવાળી હોવી જોઈએ કે જેથી તેને ઉખાડ્યા બાદ કાચ ઉપર કોઈ નિશાની (ટપકાં) ન છોડે.

# પરિશિષ્ટ 9

## પરમાણવીય ન્યુક્લિયસો માટે $\alpha$-કણના પ્રકીર્ણનનું યાંત્રિક એકરૂપકરણ

*સિદ્ધાંત*

વ્યસ્ત વર્ગના બળક્ષેત્રમાં (પરમાણુના ન્યુક્લિયસમાં હોય છે તેવા) કોઈ બિંદુ પાસે સ્થિતિમાન એ ક્ષેત્રના બિંદુવત ઉદ્‌ગમથી અંતરના વ્યસ્ત પ્રમાણમાં હોય છે. જો બળ અપાકર્ષી પ્રકારનું (જેવું ન્યુક્લિયસ અને $\alpha$ કણ વચ્ચે હોય તેવું), હોય તો સ્થિતિમાન ધન હશે અને $h$ વિરુદ્ધ $r$ નો આલેખ એ અંતર સાથે સ્થિતિમાનમાં થતા ફેરફારને રજૂ કરે છે. [આકૃતિ $A_x$ 9 (a)]. જો આપણે આ વક્રને Y-અક્ષને અનુલક્ષીને પરિક્રમિત કરીએ તો [આકૃતિ $A_x$ 9(b)] આ વક્રના પરિભ્રમણનો ઘન મેળવી શકીએ. આ ઘનના ટોચની સપાટીએ, વક્રના પરિભ્રમણની સપાટી, યાંત્રિક મોડેલની પોટૅન્શિયલ ટેકરી આપે છે. [આકૃતિ $A_x$ 9(c)] સ્થિતિમાન ટેકરી એવી રીતે રચાયેલ છે કે તેની સપાટી પહેલા કોઈ પણ બિંદુએ ઊંચાઈ $h$ એ $1/r$ ના સમપ્રમાણમાં હશે, જ્યાં $r$ એ કેન્દ્રથી સમતલ સુધીનું અંતર છે.




***આકૃતિ $A_x$ 9 (a) : અંતર સાથે સ્થિતિમાનનો ફેરફાર***




***આકૃતિ $A_x$ 9 (b),(c),(d)*** : *સ્થિતિમાન ટેકરીનું યાંત્રિક મોડલ*

એક દડો આ સ્થિતિમાન ટેકરી પર ઉપર તરફ ગબડે તો તે $h$ના સપ્રમાણમાં ગુરુત્વીય સ્થિતિમાન (સ્થિતિ) ઊર્જા પ્રાપ્ત કરે અને તેથી $r$ તેના સમપ્રમાણમાં હશે. આમ, તેની ગતિ એ વ્યસ્ત વર્ગના અપાકર્ષીબળ ક્ષેત્રની અસર હેઠળ દ્વિપરિમાણમાં ગતિ કરતા કણની ગતિને અનુસરે છે. આમ, તે ન્યુક્લિયસના વિદ્યુતક્ષેત્રમાં, સમતલમાં ગતિ કરતા વિદ્યુતભારની ગતિને અનુસરે છે.

*મૉડેલની રચના*

સ્થિતિમાન ટેકરી (hill)ના લાક્ષણિક મૉડેલનો પાયાનો વ્યાસ 28.2 cm અને ટોચનો વ્યાસ 4 cm અને ઊંચાઈ 50 mm જેટલો હશે. [આકૃતિ $A_x$ 9 (d)] આ મૉડેલ 30 cm × 30 cm × 5 cm ના લાકડાના પાટિયામાંથી પણ બનાવી શકાય. પહેલાં, નીચેનાં બિંદુઓ સાથે આલેખપત્ર (10 cm ×15 cm કરતાં મોટા માપના) પર $h$ અને $r$ વચ્ચેનો વક્ર દોરો.

**કોષ્ટક $A_x$ 9**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| x *(r)* cm | 14.1 | 12.5 | 11.1 | 10.0 | 9.0 | 8.0 | 7.0 |
| y *(h)* mm | 7.0 | 8.0 | 9.0 | 10.0 | 11.1 | 12.5 | 14.1 |
| | 6.0 | 5.0 | 4.0 | 3.3 | 3.0 | 2.5 | 2.0 |
| | 16.7 | 20.0 | 25.0 | 30.0 | 33.3 | 40.0 | 50.0 |

સંદર્ભ માટે આલેખ [આકૃતિ $A_x$ 9(a)] માં દર્શાવેલ છે. વક્રને ચોક્કસ અને સરળ બનાવવો હોય તો, આર્ટિસ્ટ દ્વારા વપરાતું 'ફ્લેક્સિબલ કર્વ' (Flexibile curve) સાધનનો ઉપયોગ કરવો સારો છે. આ વક્ર સાથે બંધબેસતો નમૂનો કાપો. આ નમૂનાનો ઉપયોગ કરી, લાકડાના પાટિયાને લેથ પર જડિત કરી પરિભ્રમણનો ઘન (Solid of revolution) કાપો.

*વધારાની સામગ્રી*

(1) 12.7 mm વ્યાસના સ્ટીલના છરા




(e)




(f)

***આકૃતિ $A_x$ 9 (e) : કેન્દ્ર C થી બહારની દિશામાં મૂકેલ રેમ્પ (ઢાળ)***

***આકૃતિ $A_x$ 9 (f) : b એ ઇમ્પેક્ટ પેરામિટર છે.***

(2) જુદી-જુદી ઊંચાઈએથી છરાઓને ગબડાવવા માટેનો રેમ્પ (પ્રવેગક) માટે 30 cm ની પ્લાસ્ટિકની માપપટ્ટી યોગ્ય રહેશે. રેમ્પના નીચેના છેડાની ઊંચાઈએ પોટૅન્શિયલ હિલની નીચેની સીમાની ઊંચાઈ જેટલી હોવી જોઈએ, જેથી છરો રેમ્પ પર રોલિંગ કરતો હોય અને પોટૅન્શિયલ હિલમાં કોઈ કૂદકા સિવાય સરળતાથી ગબડી શકે. અહીં ગબડતો (રોલિંગ) છરો ઉચ્ચ ઊર્જાવાળા $\alpha$–કણો જેવા સક્ષમ બને, તે માટે રેમ્પનો ઉપરનો છેડો 12 cm અથવા વધારે ઊંચાઈએ હોવો જોઈએ. માપપટ્ટી વક્રાકારમાં ચોંટાયેલી હોવી જોઈએ કે જેથી તેનો નીચેનો છેડો સમક્ષિતિજ રહે, જેથી છરો ગબડીને જ્યારે નીચેનો છેડો છોડે ત્યારે પોટૅન્શિયલ હિલ પર તેની ગતિ દરમિયાન સમક્ષિતિજ સમતલની સાપેક્ષે ખૂણામાં કોઈ નોંધપાત્ર ફેરફાર સિવાય સરળતાથી ગબડી શકે.

*પોટૅન્શિયલ હિલ સાથેના પ્રયોગો*

નીચે વર્ણવેલ બે પ્રયોગોમાં મૉડેલ એ આલ્ફા પ્રકીર્ણનનાં વિવિધ પાસાંઓને નિદર્શિત કરવા માટે પોટૅન્શિયલ હિલ તરીકે ઉપયોગી છે. રેમ્પને એવી રીતે રાખવામાં આવે કે તેની નીચેની સીમાઓની ધાર હિલની સપાટીને સ્પર્શે. [આકૃતિ $A_x$ 9(e)]. સ્ટૉપર (સીધી માપપટ્ટી લઈ શકાય) વડે રેમ્પ પર યોગ્ય ઊંચાઈએ છરાને રાખી શકાય. રેમ્પને કેન્દ્ર Cની દિશા સાથે એવી રીતે AB સાથે ગોઠવો. [આકૃતિ A$x$ 9 (f)] છરાના પથનો લીસોટો મેળવવા, મોટા ડ્રૉઈંગ બૉર્ડ પર અથવા સમતલ અને લીસા ટેબલ કે જે સમક્ષિતિજ ગોઠવેલ છે. તેના મથાળા પર 33 cm × 43 cm માપનો કાગળ P, સમાન માપના કાર્બન કાગળ સાથે ગોઠવો. બંને પ્રયોગો માટે મૉડેલ અને રેમ્પ આ કાગળ પર ગોઠવવા પડે.

*પ્રયોગ 1 :* પ્રકીર્ણનકોણ ($\theta$)નો કણની પ્રારંભિક ઊર્જા પરના આધારનો અભ્યાસ કરવો.

રેમ્પ પર જુદી-જુદી ઊંચાઈએથી છરાને મુક્ત કરો અને દર્શાવો કે જેમ પ્રારંભિક ઊર્જાના ઘટાડા સાથે પ્રકીર્ણનકોણ ($\theta$) વધે છે.

*પ્રયોગ 2 :* આલ્ફા કણની આપેલી ઊર્જા માટે પ્રકીર્ણનકોણ અને ઈમ્પેક્ટ પેરામીટર (અસર પ્રાચલ) વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.

ચોક્કસ ઊંચાઈએથી છરાને મુક્ત કરો અને પ્રકીર્ણનકોણ ($\theta$) નક્કી કરો. ઈમ્પેક્ટ પેરામીટર b પણ માપો. [જુઓ આકૃતિ $A_x$ 9 (f)] bનાં જુદાં-જુદાં મૂલ્યો માટે પ્રયોગનું પુનરાવર્તન કરો પરંતુ દરેક વખતે છરાને સમાન ઊંચાઈએથી જ મુક્ત કરો. દરેક કિસ્સામાં પ્રકીર્ણનકોણ માપો અને દર્શાવો

કે $b \propto \dfrac{\cot\theta}{2}$.

# ડેટા વિભાગ

કોષ્ટક $D_s$ 1.1 : કેટલાક અગત્યના અચળાંકો

| નામ | નિશાની | કિંમત |
|---|---|---|
| શૂન્યાવકાશમાં પ્રકાશની ઝડપ | $c$ | $2.9979 \times 10^{8}$ m s$^{-1}$ |
| ઈલેક્ટ્રૉનનો વિદ્યુતભાર | $e$ | $1.602 \times 10^{-19}$ C |
| ગુરુત્વાકર્ષણ અચળાંક | $G$ | $6.673 \times 10^{-11}$ N m$^2$ kg$^{-2}$ |
| પ્લાન્ક અચળાંક | $h$ | $6.626 \times 10^{-34}$ J s |
| બોલ્ટ્ઝમૅન અચળાંક | $k$ | $1.381 \times 10^{-23}$ J K$^{-1}$ |
| એવોગેડ્રો અચળાંક | $N_A$ | $6.022 \times 10^{23}$ mol$^{-1}$ |
| સાર્વત્રિક વાયુ-અચળાંક | $R$ | 8.314 J mol$^{-1}$ k$^{-1}$ |
| ઈલેક્ટ્રૉનનું દ્રવ્યમાન | $m_e$ | $9.110 \times 10^{-31}$ kg |
| ન્યુટ્રૉનનું દ્રવ્યમાન | $m_n$ | $1.675 \times 10^{-27}$ kg |
| પ્રોટોનનું દ્રવ્યમાન | $m_p$ | $1.673 \times 10^{-27}$ kg |
| ઈલેક્ટ્રૉનના વિદ્યુતભાર અને દ્રવ્યમાનનો ગુણોત્તર | $e/m_e$ | $1.759 \times 10^{11}$ C/kg |
| ફેરાડે અચળાંક | $F$ | $9.648 \times 10^{4}$ C/ mol |
| રીડબર્ગ અચળાંક | $R$ | $1.097 \times 10^{7}$ m$^{-1}$ |
| બોહ્ર ત્રિજ્યા | $a_0$ | $5.292 \times 10^{-11}$ m |
| સ્ટીફન-બોલ્ટ્ઝમૅન અચળાંક | $\sigma$ | $5.670 \times 10^{-8}$ W m$^{-2}$K$^{-4}$ |
| વીનનો અચળાંક | $b$ | $2.898 \times 10^{-3}$ mK |
| મુક્ત અવકાશનો પરાવૈદ્યુતાંક | $\varepsilon_0$ | $8.854 \times 10^{-12}$ C$^2$ N$^{-1}$m$^{-2}$ |
| | $1/4\pi\varepsilon_0$ | $8.987 \times 10^{9}$ N m$^2$ C$^{-2}$ |
| મુક્ત અવકાશની પારગમ્યતા | $\mu_0$ | $4\pi \times 10^{-7}$ T m A$^{-1}$ $\cong 1.257 \times 10^{-6}$ Wb A$^{-1}$ m$^{-1}$ |

કોષ્ટક $D_s$ 1.2 : બીજા ઉપયોગી અચળાંકો

| નામ | નિશાની | કિંમત |
|---|---|---|
| ઉષ્માનો યાંત્રિક તુલ્યાંક | J | 4.186 J cal$^{-1}$ |
| પ્રમાણિત વાતાવરણ દબાણ | 1 atm | $1.013 \times 10^{5}$ Pa |
| નિરપેક્ષ શૂન્ય તાપમાન | 0 K | -273.15 °C |
| ઈલેક્ટ્રૉન વોલ્ટ | 1 eV | $1.602 \times 10^{-19}$ J |
| યુનિફાઈડ પરમાણ્વીય દળ એકમ | 1 u | $1.661 \times 10^{-27}$ kg |
| ઈલેક્ટ્રૉન સ્થિર ઊર્જા | $mc^2$ | 0.511 MeV |
| 1u દ્રવ્યમાનને સમતુલ્ય ઊર્જા | 1 $uc^2$ | 931.5 MeV |
| આદર્શ વાયુનું કદ (0 °C અને 1 વાતાવરણ) | V | 22.4 L mol$^{-1}$ |
| ગુરુત્વપ્રવેગ (વિષુવવૃત્ત પર, દરિયાઈ સપાટી) | g | 9.78049 m s$^{-2}$ |

### કોષ્ટક $D_s$ 2 : કોષના વિદ્યુતચાલક બળ

| કોષ | E.M.F. (V) | કોષ | E.M.F. (V) |
|---|---|---|---|
| ડેનિયલ | 1.08 - 1.09 | કેડમિયમ 20 °C તાપમાને | 1.018 54 |
| ગ્રુવ | 1.8 - 1.9 | લેડ સંગ્રાહક કોષ | 1.9 - 2.2 |
| લેક્લાન્સે | 1.45 | એડિસન કોષ | 1.45 |
| વૉલ્ટેઈક | 1.01 | ક્લાર્ક | 1.43 |
| બન્સેન | 1.95 | Ni-Fe | 1.20 |

### કોષ્ટક $D_s$ 3 : પદાર્થોના વક્રીભવનાંક $\lambda = 5896 \times 10^{-10}$ m તરંગલંબાઈવાળા સોડિયમ પ્રકાશ માટે

| ઘન | વક્રીભવનાંક | પ્રવાહી | વક્રીભવનાંક |
|---|---|---|---|
| હીરો | 2.417 | કેનેડા બાલ્સમ | 1.53 |
| કાચ (ક્રાઉન) | 1.48-1.61 | પાણી | 1.333 |
| કાચ (ફ્લિન્ટ) | 1.53-1.96 | આલ્કોહોલ (ઇથાઈલ) | 1.362 |
| કાચ (સોડા) | 1.50 | એનિલિન | 1.595 |
| | | બેન્ઝિન | 1.501 |
| બરફ | 1.31 | દેવદાર તેલ | 1.516 |
| માઇકા | 1.56-1.60 | ક્લૉરોફૉર્મ | 1.450 |
| દરિયાઈ મીઠું | 1.54 | ઈથર | 1.350 |
| | | ગ્લિસરિન | 1.47 |
| ક્વાર્ટ્ઝ (સામાન્ય કિરણ) | 1.5443 | ઑલિવ-જેતુન(નિલગીરી)તેલ | 1.46 |
| ક્વાર્ટ્ઝ (અસામાન્ય કિરણ) | 1.5534 | પૅરાફિન | 1.44 |
| ક્વાર્ટ્ઝ (બળેલું) | 1.458 | કેરોસીન | 1.39 |
| | | ટર્પેન્ટાઈન તેલ | 1.44 |

### કોષ્ટક $D_s$ 4 : વર્ણપટ રેખાઓની તરંગલંબાઈ Å માં (1Å $= 10^{-10}$ m)
### દ્રશ્ય વર્ણપટના રંગ (રા ના પી લી વા ની જા)

| હાઈડ્રોજન | હિલિયમ | પારો | નિયોન | સોડિયમ |
|---|---|---|---|---|
| 3970 *v* | 3889 *v* | 4047 *v* | 5765 *y* | ($D_2$) 5890 *o* |
| 4102 *v* | 4026 *v* | 4078 *v* | 5853 *y* | ($D_1$) 5896 *o* |
| 4340 *b* | 4471 *b* | 4358 *v* | 5882 *o* | |
| 4861 *gb* | 5876 *y* | 4916 *b, g* | 6597 *r* | |
| 6563 *r* | 6678 *r* | 4960 *g* | 7245 *r* | |
| | 7065 *r* | 5461 *g* | | |
| | | 5770 *y* | | |
| | | 5791 *y* | | |
| | | 6152 *o* | | |
| | | 6322 *o* | | |

### કોષ્ટક $D_s$ 5 : વિદ્યુતચુંબકીય વર્ણપટ (તરંગલંબાઈ)

| વિસ્તાર | તરંગલંબાઈ | | |
|---|---|---|---|
| બિનતારી તરંગો | | | 5 m અને ઉપર |
| પારરક્ત | 3.0 x $10^{-4}$ m | થી | 7.5 x $10^{-7}$ m |
| દૃશ્ય લાલ | 7.5 x $10^{-7}$ m | થી | 6.5 x $10^{-7}$ m |
| દૃશ્ય નારંગી | 6.5 x $10^{-7}$ m | થી | 5.9 x $10^{-7}$ m |
| દૃશ્ય પીળો | 5.9 x $10^{-7}$ m | થી | 5.3 x $10^{-7}$ m |
| દૃશ્ય લીલો | 5.3 x $10^{-7}$ m | થી | 4.9 x $10^{-7}$ m |
| દૃશ્ય વાદળી | 4.9 x $10^{-7}$ m | થી | 4.2 x $10^{-7}$ m |
| દૃશ્ય નીલો | 4.2 x $10^{-7}$ m | થી | 3.9 x $10^{-7}$ m |
| દૃશ્ય જાંબલી | 3.9 x $10^{-7}$ m | થી | 1.8 x $10^{-7}$ m |
| મૃદુ ક્ષ-કિરણો | 2.0 x $10^{-7}$ m | થી | 1.0 x $10^{-7}$ m |
| સખત ક્ષ-કિરણો | 1.0 x $10^{-10}$ m | થી | 1.0 x $10^{-11}$ m |
| ગૅમા કિરણો | 5.0 x $10^{-11}$ m | થી | 5.0 x $10^{-12}$ m |

### કોષ્ટક $D_s$ 6 : કોન્સ્ટનટન અને મેંગેનીન માટે પ્રમાણભૂત તારગેજ અને એકમ લંબાઈ દીઠ અવરોધ

| પ્રમાણભૂત તારગેજ | | રેઝિસ્ટન્ટ (Ω) | | |
|---|---|---|---|---|
| નં. | વ્યાસ (mm) | તાંબુ | કોન્સ્ટનટન (60 % Cu, 40 % Ni) | મેંગેનીન (84 % Cu, 4 % Ni, 12 % Mn) |
| 10 | 3.25 | 0.0021 | 0.057 | 0.051 |
| 12 | 2.64 | 0.0032 | 0.086 | 0.077 |
| 14 | 2.03 | 0.0054 | 0.146 | 0.131 |
| 16 | 1.63 | 0.0083 | 0.228 | 0.204 |
| 18 | 1.22 | 0.0148 | 0.405 | 0.361 |
| 20 | 0.914 | 0.0260 | 0.722 | 0.645 |
| 22 | 0.711 | 0.0435 | 1.20 | 1.07 |
| 24 | 0.559 | 0.070 | 1.93 | 1.73 |
| 26 | 0.457 | 0.105 | 2.89 | 2.58 |
| 28 | 0.374 | 0.155 | 4.27 | 3.82 |
| 30 | 0.315 | 0.222 | 6.08 | 5.45 |
| 32 | 0.274 | 0.293 | 8.02 | 7.18 |
| 34 | 0.234 | 0.404 | 11.1 | 9.9 |
| 36 | 0.193 | 0.590 | 16.2 | 14.5 |
| 38 | 0.152 | 0.950 | 26.0 | 23.2 |
| 40 | 0.122 | 1.48 | 40.6 | 36.3 |
| 42 | 0.102 | 2.10 | 58.5 | 53.4 |
| 44 | 0.081 | 3.30 | 91.4 | 81.7 |
| 46 | 0.061 | 5.90 | 162.5 | 145.5 |

**કોષ્ટક $D_S$ 7 : સામાન્ય દ્રવ્યો માટેના ડાઈઈલેક્ટ્રીક અચળાંક**

| દ્રવ્ય | તાપમાન (°C) | આવૃત્તિ (Hz) | ડાઈઈલેક્ટ્રીક અચળાંક |
|---|---|---|---|
| અંબર | 20 | $10^6$ | 2.8 |
| અંબર | 20 | $3\times10^9$ | 2.6 |
| સોડા કાચ | 20 | $10^6$ | 7.5 |
| ફ્યુઝ ક્વાર્ટ્સ | 20 | $10^3$ થી $10^8$ | 3.8 |
| પ્રવાહી પૅરાફિન (મેડિકલ ગ્રેડ) | 20 | $10^3$ | 2.2 |
| ટ્રાન્સફોર્મર ઑઇલ (વર્ગ B) | 20 | $10^3$ | 2.2 |
| માર્બલ | 20 | $10^6$ | 8 |
| રેતી (સૂકી) | 20 | $10^6$ | 3 |
| રેતીના પથ્થર | 20 | $10^6$ | 10 |
| કાગળ (ટીસ્યુ પેપર) | 20 | $10^3$ | 2.3 |
| માઈકા | 20 | $10^3$ થી $10^8$ | 5.4 થી 7 |
| ઈપોક્ષી રેઝિન (દા.ત. એરેલડાઈટ) | 20 | $10^6$ | 3.3 |
| સેલ્યુલોઝ અસિટેટ | 20 | $10^6$ | 3.5 |
| વિનાઈલ એસિટેટ (પ્લાસ્ટિક સાઈઝડ) | 20 | $10^6$ | 4 |
| વિનાઈલ ક્લોરાઈડ (પી.વી.સી.) | 20 | $10^6$ | 4 |
| એબોનાઈટ (શુદ્ધ) | 20 | $10^6$ | 3 |
| રબર (વેલ્કેનાઈઝ્ડ-મૃદુ) | 20 | $10^6$ | 3.2 |
| રબર, સિન્થેટિક | 20 | $10^6$ | 2.5 |
| પેરાફિન મીણ | 20 | $10^6$ | 2.2 |
| સલ્ફર | 20 | $3\times10^9$ | 3.4 |
| વોલનટ વુડ (સૂકું) | 20 | $10^7$ | 2.0 |
| વોલનટ વુડ (ભેજવાળું) | 20 | $10^7$ | 5 |
| શૂન્યાવકાશ | લાગુ પડતુ નથી | ગમે તે | 1.00000 |
| હવા | 20 | $3\times10^9$ સુધી | 1.00054 |
| પોર્સેલિન | 20 | $10^6$ | 5.5 |
| બેરિયમ ટિટેનેટ | 20 | $10^6$ | 1200 |
| રુટાઈલ ગ્રૂપ | 20 | $10^6$ થી $10^9$ | 40 - 80 |
| પાણી | 20 | $10^9$ | 80 |
| પાણી | 20 | $10^{10}$ | 64 |

### કોષ્ટક $D_s$ 8 : સ્થિર વિદ્યુત ભારીય લાક્ષણિક પદાર્થો

| વસ્તુ | C | V | Q | ઊર્જા $E = \frac{1}{2}CV^2$ |
|---|---|---|---|---|
| 1 નાયલોનના કપડાં વડે બધી જ દિશામાં ઘસેલો 20 cm વ્યાસનો ફુગ્ગો. | 11 pF | 200 V | 2.2 nC | 0.22 μJ* |
| 2 સિલ્ક વડે ઘસેલ, અવાહક સ્ટૅન્ડ પર રાખેલ ધાતુનો ગોળો (9 cm વ્યાસ) | 5 pF | 500 V | 2.5 nC | 0.62 μJ* |
| 3 શાળા કક્ષા માટેના વાન-દ્-ગ્રાફ જનરેટર વડે વિદ્યુતભારિત કરેલ ધાતુનો ગોળો. | 5 pF | 0.25 MV | 1.25pF | 0.16 J |
| 4 ઈલેક્ટ્રો ફોરસ દ્વારા અવાહક ટેબલ પર રહેલ છોકરાનું વારંવાર વિદ્યુતભારણ. | 50 pF | 3000 V | 150 nC | 225 μJ* |
| 5 મીણમાં પલાળવામાં આવેલ અવાહક કાગળ સહિતનું 30 cm x 30 cm નું (સુધારેલ) કેપેસીટર (K = 2.7, A = 700 cm અને d= 0.4mm) અને 9V ની બેટરી વડે વિદ્યુતભારિત કરેલ | 4 nF | 9 V | 36 nC | 162 nJ* |
| 6 (5 મુજબ) પરંતુ 2 cm દુર રાખેલ પ્લેટો | 80 pF | 450 V | 36 nC | 8.1 μJ* |
| 7 ફ્લેશ ગન કેપેસીટર (વ્યાવસાયિક પ્રમાણેનું) | 500 pF | 400 V | 0.2 nC | 40 J |
| 8 પૃથ્વી અને વાદળ વચ્ચે સરેરાશ વીજળી ( h = 1 થી 5 km ) | | $10^6$ V10 $10^9$ V | 20 C | $10^9$ થી $10^{10}$ J |
| 9 (a) પૃથ્વી અને સ્ટ્રેટોસ્ફિયરના મથાળે ઊંચી વાહકતાવાળી આયનયુક્ત હવા (h = 50 km) | – | 0.4 MV | $5.7 \times 10^5$ C | $10^{11}$ J |
| (b) સારા વાતાવરણમાં હવા અને આયનોસ્ફિયર વચ્ચે આયનીકરણ પ્રવાહ | – | 0.4 MV | 1800 C/s | $7\times10^8$ J/s |
| 10 સૂકા હવામાનમાં ઊંચે ઊચકયા પછી સારા ઈલેક્ટ્રોફોરસ (20 થી 30 mm વ્યાસ)ની વિદ્યુતભારિત પ્લેટ | 10 pF | 3000 V | 30 nC | 45 μJ* |

** શાળાની પ્રયોગશાળામાં રાખેલા આ પદાર્થોને સ્પર્શ કરવો ભયજનક નથી.*

**કોષ્ટક $D_s$ 9 : ચોક્કસ ધાતુઓ અને મિશ્રધાતુઓ માટે વિદ્યુતીય અવરોધકતા**

**અવરોધકતા** ($10^{-8}$ ohm મીટર)

| દ્રવ્ય | 0°C | 100°C | 300°C | 700°C | અવરોધકતાનો તાપમાન ગુણાંક (0 °C - 100 °C ની અવધિમાં) ($10^{-4}$) |
|---|---|---|---|---|---|
| ઍલ્યુમિનિયમ | 2.45 | 3.55 | 5.9 | 24.7 | 45 |
| ક્રોમિયમ | 12.7 | 16.1 | 25.2 | 47.2 | |
| તાંબુ | 1.56 | 2.24 | 3.6 | 6.7 | 43 |
| લોખંડ | 8.9 | 14.7 | 31.5 | 85.5 | 65 |
| સીસું | 19.0 | 27.0 | 50 | 107.6 | 42 |
| સોનુ | 2.04 | 2.84 | | | 40 |
| પારો | 94.0766* | 103.5 | 128 | | 10 |
| નિકલ | 6.14 | 10.33 | 22.5 | | 68 |
| પ્લેટિનમ | 9.81 | 13.65 | 21.0 | 34.3 | 39.2 |
| પ્લેટિનમ ર્‌હોડિયમ (87/13) | 19.0 | 22.0 | | | 15.6 |
| પ્લેટિનમ ર્‌હોડિયમ (90/10) | 18.7 | 21.8 | | | 16.6 |
| પ્લેટિનમ ઈરિડિયમ (90/10) | 24.8 | 28.0 | | | 13 |
| ચાંદી | 1.51 | 2.13 | 3.42 | 6.5 | 41 |
| ટિન | 11.5(20° C) | 15.8 | 50 | 60 | 46 |
| ટંગસ્ટન | 4.9 | 7.3 | 12.4 | 24 | 48 |
| જસત | 5.5 | 7.8 | 13 | 37 (500°C) | 42 |

અવરોધના પ્રમાણભૂત એકમ, ઓહ્મ, ને દર્શાવવા માટે 0 $^0$C તાપમાને પારાને ગૌણ પ્રમાણભૂત તરીકે વપરાય છે.

**કોષ્ટક $D_s$ 10 : સામાન્ય અવાહકો અને અર્ધવાહકોની વિદ્યુતીય અવરોધકતા**

| પદાર્થ | અવરોધકતા (Ω મીટર) | પદાર્થ | અવરોધકતા (Ω મીટર) |
|---|---|---|---|
| હીરો | $10^{10}$ થી $10^{11}$ | કાર્બન 0°C | $3.5 \times 10^{-5}$ |
| એબોનાઈટ | $10^{14}$ | કાર્બન 500°C | $2.7 \times 10^{-5}$ |
| કાચ (સોડાલાઈમ) | $5 \times 10^{9}$ | કાર્બન 1000°C | $2.1 \times 10^{-5}$ |
| કાચ (પાઈરેક્સ) | $10^{12}$ | કાર્બન 2000°C | $1.1 \times 10^{-5}$ |
| કાચ (વાહક) | $5 \times 10^{6}$ | કાર્બન 2500°C | $0.9 \times 10^{-5}$ |
| માઈકા | $10^{11} \times 10^{15}$ | જર્મેનિયમ | 0.46 |
| કાગળ (સૂકો) | $10^{10}$ | સીલીકોન 0°C | 2300 |
| પૅરાફિન મીણ | $10^{14}$ | | |
| પોર્સેલિન | $10^{10}$ થી $10^{13}$ | | |
| સલ્ફર (રહોમ્બિક) | $2 \times 10^{21}$ | | |

**કોષ્ટક $D_s$ 11 : અંતર્ગત અને બહિર્ગત અર્ધવાહકો માટેની માહિતી**

| દ્રવ્ય | એનર્જી ગેપ (eV) | 300 K તાપમાને ઈલેક્ટ્રૉન હોલ જોડકાં માટે સંખ્યા ઘનતા પ્રતિ $m^3$* | ઈલેક્ટ્રોનની મોબિલિટી ($m^2\ V^{-1}\ s^{-1}$) | હોલની મોબિલિટી ($m^2\ V^{-1}\ s^{-1}$) | વાહકતા ($S\ m^{-1}$) | ઘનતા ($kg\ m^{-3}$) |
|---|---|---|---|---|---|---|
| અર્ધવાહકો | | | | | | |
| જર્મેનિયમ | 0.76 | $6 \times 10^{19}$ | 0.39 | 0.19 | 2.18 | 5320 |
| સિલિકોન | 1.12 | $7 \times 10^{15}$ | 0.135 | 0.048 | $4.4 \times 10^{-4}$ | 2300 |
| Pસાથેના અવાહક અશુદ્ધિ સાથેનું Si | 0.045 | $2.5 \times 10^{21}$ | 0.135 | ..... | $2.5 \times 10$ | 2300 |
| હીરો | 6 થી 12 | $\approx 10^{7}$ | | | | |

*લગભગ મૂલ્ય છે, જે મૂલ્યના માત્ર ક્રમનો (ઘાતનો) ખ્યાલ આપે છે.

**કોષ્ટક $D_S$ 12 : ઉચ્ચ અવરોધ ધરાવતી મિશ્રધાતુઓ**

| મિશ્રધાતુઓ | અવરોધકતા 20° C ($10^{-8}$ ohm) | અવરોધકતાના તાપમાન ગુણાંકનો વિસ્તાર 0 – 100° C ($10^{-4}$) | મહત્તમ તાપમાન (°C) |
|---|---|---|---|
| કોન્સ્ટનટન (58.8 % Cu, 40 % Ni, 1.2 % Mn) | 44 થી 52 | - 0.4 થી + 0.1 | 500 |
| જર્મન સિલ્વર (65 % Cu, 20 % Zn, 15 % Ni) | 28 થી 35 | + 0.4 | 150 થી 200 |
| મૅંગેનીન (85 % Cu, 12 % Mn, 3 % Ni) | 42 થી 48 | 0.3 | 100 |
| નિકેલાઈન (54 % Cu, 20 % Zn, 26 % Ni) | 39 થી 45 | 0.2 | 150 થી 200 |
| નાઈક્રોમ (67.5 % Ni, 15 % Cr, 16 % Fe, 1.5 % Mn) | 100 થી 110 | 2.0 | 1000 |

**કોષ્ટક $D_S$ 13 : અતિવાહકતા (સુપર કંડક્ટિંગ) અવસ્થા માટે સક્રાંતિ તાપમાન**

| પદાર્થ | સંક્રાંતિ તાપમાન (K) | પદાર્થ | સક્રાંતિ તાપમાન (K) |
|---|---|---|---|
| ધાતુઓ | | સંયોજનો | |
| કેડમિયમ | 0.6 | NiBi | 4.2 |
| જસત | 0.8 | PbSe | 5.0 |
| ઍલ્યુમિનિયમ | 1.2 | NbB | 6.0 |
| યુરેનિયમ | 1.3 | $Nb_2C$ | 9.2 |
| ટિન | 3.7 | nBC | 10.1 થી 10.5 |
| પારો | 4.7 | nBN | 15 થી 16 |
| સીસું | 7.3 | $Nb_3Sn$ | 18 |
| નીઓબિયમ | 9.2 | $YBa_2Cu_3O_7$ | 90 |

કોષ્ટક I

# LOGARITHMS (લઘુગણક)

| N | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | 0000 | 0043 | 0086 | 0128 | 0170 | | | | | | 5 | 9 | 13 | 17 | 21 | 26 | 30 | 34 | 38 |
| | | | | | | 0212 | 0253 | 0294 | 0334 | 0374 | 4 | 8 | 12 | 16 | 2O | 24 | 28 | 32 | 36 |
| 11 | 0414 | 0453 | 0492 | 0531 | 0569 | | | | | | 4 | 8 | 12 | 16 | 20 | 23 | 27 | 31 | 35 |
| | | | | | | 0607 | 0645 | 0682 | 0719 | 0755 | 4 | 7 | 11 | 15 | 18 | 22 | 26 | 29 | 33 |
| 12 | 0792 | 0828 | 0864 | 0899 | 0934 | | | | | | 3 | 7 | 11 | 14 | 18 | 21 | 25 | 28 | 32 |
| | | | | | | 0969 | 1004 | 1038 | 1072 | 1106 | 3 | 7 | 10 | 14 | 17 | 20 | 24 | 27 | 31 |
| 13 | 1139 | 1173 | 1206 | 1239 | 1271 | | | | | | 3 | 6 | 10 | 13 | 16 | 19 | 23 | 26 | 29 |
| | | | | | | 1303 | 1335 | 1367 | 1399 | 1430 | 3 | 7 | 10 | 13 | 16 | 19 | 22 | 25 | 29 |
| 14 | 1461 | 1492 | 1523 | 1553 | 1584 | | | | | | 3 | 6 | 9 | 12 | 15 | 19 | 22 | 25 | 28 |
| | | | | | | 1614 | 1644 | 1673 | 1703 | 1732 | 3 | 6 | 9 | 12 | 14 | 17 | 20 | 23 | 26 |
| 15 | 1761 | 1790 | 1818 | 1847 | 1875 | | | | | | 3 | 6 | 9 | 11 | 14 | 17 | 20 | 23 | 26 |
| | | | | | | 1903 | 1931 | 1959 | 1987 | 2014 | 3 | 6 | 8 | 11 | 14 | 17 | 19 | 22 | 25 |
| 16 | 2041 | 2068 | 2095 | 2122 | 2148 | | | | | | 3 | 6 | 8 | 11 | 14 | 16 | 19 | 22 | 24 |
| | | | | | | 2175 | 2201 | 2227 | 2253 | 2279 | 3 | 5 | 8 | 10 | 13 | 16 | 18 | 21 | 23 |
| 17 | 2304 | 2330 | 2355 | 2380 | 2405 | | | | | | 3 | 5 | 8 | 10 | 13 | 15 | 18 | 20 | 23 |
| | | | | | | 2430 | 2455 | 2480 | 2504 | 2529 | 3 | 5 | 8 | 10 | 12 | 15 | 17 | 20 | 22 |
| 18 | 2553 | 2577 | 2601 | 2625 | 2648 | | | | | | 2 | 5 | 7 | 9 | 12 | 14 | 17 | 19 | 21 |
| | | | | | | 2672 | 2695 | 2718 | 2742 | 2765 | 2 | 4 | 7 | 9 | 11 | 14 | 16 | 18 | 21 |
| 19 | 2788 | 2810 | 2833 | 2856 | 2878 | | | | | | 2 | 4 | 7 | 9 | 11 | 13 | 16 | 18 | 20 |
| | | | | | | 2900 | 2923 | 2945 | 2967 | 2989 | 2 | 4 | 6 | 8 | 11 | 13 | 15 | 17 | 19 |
| **20** | 3010 | 3032 | 3054 | 3075 | 3096 | 3118 | 3139 | 3160 | 3181 | 3201 | 2 | 4 | 6 | 8 | 11 | 13 | 15 | 17 | 19 |
| 21 | 3222 | 3243 | 3263 | 3284 | 3304 | 3324 | 3345 | 3365 | 3385 | 3404 | 2 | 4 | 6 | 8 | 10 | 12 | 14 | 16 | 18 |
| 22 | 3424 | 3444 | 3464 | 3483 | 3502 | 3522 | 3541 | 3560 | 3579 | 3598 | 2 | 4 | 6 | 8 | 10 | 12 | 14 | 15 | 17 |
| 23 | 3617 | 3636 | 3655 | 3674 | 3692 | 3711 | 3729 | 3747 | 3766 | 3784 | 2 | 4 | 6 | 7 | 9 | 11 | 13 | 15 | 17 |
| 24 | 3802 | 3820 | 3838 | 3856 | 3874 | 3892 | 3909 | 3927 | 3945 | 3962 | 2 | 4 | 5 | 7 | 9 | 11 | 12 | 14 | 16 |
| 25 | 3979 | 3997 | 4014 | 4031 | 4048 | 4065 | 4082 | 4099 | 4116 | 4133 | 2 | 3 | 5 | 7 | 9 | 10 | 12 | 14 | 15 |
| 26 | 4150 | 4166 | 4183 | 4200 | 4216 | 4232 | 4249 | 4265 | 4281 | 4298 | 2 | 3 | 5 | 7 | 8 | 10 | 11 | 13 | 15 |
| 27 | 4314 | 4330 | 4346 | 4362 | 4378 | 4393 | 4409 | 4425 | 4440 | 4456 | 2 | 3 | 5 | 6 | 8 | 9 | 11 | 13 | 14 |
| 28 | 4472 | 4487 | 4502 | 4518 | 4533 | 4548 | 4564 | 4579 | 4594 | 4609 | 2 | 3 | 5 | 6 | 8 | 9 | 11 | 12 | 14 |
| 29 | 4624 | 4639 | 4654 | 4669 | 4683 | 4698 | 4713 | 4728 | 4742 | 4757 | 1 | 3 | 4 | 6 | 7 | 9 | 10 | 12 | 13 |
| **30** | 4771 | 4786 | 4800 | 4814 | 4829 | 4843 | 4857 | 4871 | 4886 | 4900 | 1 | 3 | 4 | 6 | 7 | 9 | 10 | 11 | 13 |
| 31 | 4914 | 4928 | 4942 | 4955 | 4969 | 4983 | 4997 | 5011 | 5024 | 5038 | 1 | 3 | 4 | 6 | 7 | 8 | 10 | 11 | 12 |
| 32 | 5051 | 5065 | 5079 | 5092 | 5105 | 5119 | 5132 | 5145 | 5159 | 5172 | 1 | 3 | 4 | 5 | 7 | 8 | 9 | 11 | 12 |
| 33 | 5185 | 5198 | 5211 | 5224 | 5237 | 5250 | 5263 | 5276 | 5289 | 5302 | 1 | 3 | 4 | 5 | 6 | 8 | 9 | 10 | 12 |
| 34 | 5315 | 5328 | 5340 | 5353 | 5366 | 5378 | 5391 | 5403 | 5416 | 5428 | 1 | 3 | 4 | 5 | 6 | 8 | 9 | 10 | 11 |
| **35** | 5441 | 5453 | 5465 | 5478 | 5490 | 5502 | 5514 | 5527 | 5539 | 5551 | 1 | 2 | 4 | 5 | 6 | 7 | 9 | 10 | 11 |
| 36 | 5563 | 5575 | 5587 | 5599 | 5611 | 5623 | 5635 | 5647 | 5658 | 5670 | 1 | 2 | 4 | 5 | 6 | 7 | 8 | 10 | 11 |
| 37 | 5682 | 5694 | 5705 | 5717 | 5729 | 5740 | 5752 | 5763 | 5775 | 5786 | 1 | 2 | 3 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 38 | 5798 | 5809 | 5821 | 5832 | 5843 | 5855 | 5866 | 5877 | 5888 | 5899 | 1 | 2 | 3 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 39 | 5911 | 5922 | 5933 | 5944 | 5955 | 5966 | 5977 | 5988 | 5999 | 6010 | 1 | 2 | 3 | 4 | 5 | 7 | 8 | 9 | 10 |
| **40** | 6021 | 6031 | 6042 | 6053 | 6064 | 6075 | 6085 | 6096 | 6107 | 6117 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 8 | 9 | 10 |
| 41 | 6128 | 6138 | 6149 | 6160 | 6170 | 6180 | 6191 | 6201 | 6212 | 6222 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 42 | 6232 | 6243 | 6253 | 6263 | 6274 | 6284 | 6294 | 6304 | 6314 | 6325 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 43 | 6335 | 6345 | 6355 | 6365 | 6375 | 6385 | 6395 | 6405 | 6415 | 6425 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 44 | 6435 | 6444 | 6454 | 6464 | 6474 | 6484 | 6493 | 6503 | 6513 | 6522 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| **45** | 6532 | 6542 | 6551 | 6561 | 6471 | 6580 | 6590 | 6599 | 6609 | 6618 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 46 | 6628 | 6637 | 6646 | 6656 | 6665 | 6675 | 6684 | 6693 | 6702 | 6712 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 7 | 8 |
| 47 | 6721 | 6730 | 6739 | 6749 | 6758 | 6767 | 6776 | 6785 | 6794 | 6803 | 1 | 2 | 3 | 4 | 5 | 5 | 6 | 7 | 8 |
| 48 | 6812 | 6821 | 6830 | 6839 | 6848 | 6857 | 6866 | 6875 | 6884 | 6893 | 1 | 2 | 3 | 4 | 4 | 5 | 6 | 7 | 8 |
| 49 | 6902 | 6911 | 6920 | 6928 | 6937 | 6946 | 6955 | 6964 | 6972 | 6981 | 1 | 2 | 3 | 4 | 4 | 5 | 6 | 7 | 8 |

# LOGARITHMS (લઘુગણક)

કોષ્ટક 1

| N | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **50** | 6990 | 6998 | 7007 | 7016 | 7024 | 7033 | 7042 | 7050 | 7059 | 7067 | 1 | 2 | 3 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 51 | 7076 | 7084 | 7093 | 7101 | 7110 | 7118 | 7126 | 7135 | 7143 | 7152 | 1 | 2 | 3 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 52 | 7160 | 7168 | 7177 | 7185 | 7193 | 7202 | 7210 | 7218 | 7226 | 7235 | 1 | 2 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 7 |
| 53 | 7243 | 7251 | 7259 | 7267 | 7275 | 7284 | 7292 | 7300 | 7308 | 7316 | 1 | 2 | 2 | 3 | 4 | 5 | 6 | 6 | 7 |
| 54 | 7324 | 7332 | 7340 | 7348 | 7356 | 7364 | 7372 | 7380 | 7388 | 7396 | 1 | 2 | 2 | 3 | 4 | 5 | 6 | 6 | 7 |
| **55** | 7404 | 7412 | 7419 | 7427 | 7435 | 7443 | 7451 | 7459 | 7466 | 7474 | 1 | 2 | 2 | 3 | 4 | 5 | 5 | 6 | 7 |
| 56 | 7482 | 7490 | 7497 | 7505 | 7513 | 7520 | 7528 | 7536 | 7543 | 7551 | 1 | 2 | 2 | 3 | 4 | 5 | 5 | 6 | 7 |
| 57 | 7559 | 7566 | 7574 | 7582 | 7589 | 7597 | 7604 | 7612 | 7619 | 7627 | 1 | 2 | 2 | 3 | 4 | 5 | 5 | 6 | 7 |
| 58 | 7634 | 7642 | 7649 | 7657 | 7664 | 7672 | 7679 | 7686 | 7694 | 7701 | 1 | 1 | 2 | 3 | 4 | 4 | 5 | 6 | 7 |
| 59 | 7709 | 7716 | 7723 | 7731 | 7738 | 7745 | 7752 | 7760 | 7767 | 7774 | 1 | 1 | 2 | 3 | 4 | 4 | 5 | 6 | 7 |
| **60** | 7782 | 7789 | 7796 | 7803 | 7810 | 7818 | 7825 | 7832 | 7839 | 7846 | 1 | 1 | 2 | 3 | 4 | 4 | 5 | 6 | 6 |
| 61 | 7853 | 7860 | 7768 | 7875 | 7882 | 7889 | 7896 | 7903 | 7910 | 7917 | 1 | 1 | 2 | 3 | 4 | 4 | 5 | 6 | 6 |
| 62 | 7924 | 7931 | 7938 | 7945 | 7952 | 7959 | 7966 | 7973 | 7980 | 7987 | 1 | 1 | 2 | 3 | 3 | 4 | 5 | 6 | 6 |
| 63 | 7993 | 8000 | 8007 | 8014 | 8021 | 8028 | 8035 | 8041 | 8048 | 8055 | 1 | 1 | 2 | 3 | 3 | 4 | 5 | 5 | 6 |
| 64 | 8062 | 8069 | 8075 | 8082 | 8089 | 8096 | 8102 | 8109 | 8116 | 8122 | 1 | 1 | 2 | 3 | 3 | 4 | 5 | 5 | 6 |
| **65** | 8129 | 8136 | 8142 | 8149 | 8156 | 8162 | 8169 | 8176 | 8182 | 8189 | 1 | 1 | 2 | 3 | 3 | 4 | 5 | 5 | 6 |
| 66 | 8195 | 8202 | 8209 | 8215 | 8222 | 8228 | 8235 | 8241 | 8248 | 8254 | 1 | 1 | 2 | 3 | 3 | 4 | 5 | 5 | 6 |
| 67 | 8261 | 8267 | 8274 | 8280 | 8287 | 8293 | 8299 | 8306 | 8312 | 8319 | 1 | 1 | 2 | 3 | 3 | 4 | 5 | 5 | 6 |
| 68 | 8325 | 8331 | 8338 | 8344 | 8351 | 8357 | 8363 | 8370 | 8376 | 8382 | 1 | 1 | 2 | 3 | 3 | 4 | 4 | 5 | 6 |
| 69 | 8388 | 8395 | 8401 | 8407 | 8414 | 8420 | 8426 | 8432 | 8439 | 8445 | 1 | 1 | 2 | 2 | 3 | 4 | 4 | 5 | 6 |
| **70** | 8451 | 8457 | 8463 | 8470 | 8476 | 8482 | 8488 | 8494 | 8500 | 8506 | 1 | 1 | 2 | 2 | 3 | 4 | 4 | 5 | 6 |
| 71 | 8513 | 8519 | 8525 | 8531 | 8537 | 8543 | 8549 | 8555 | 8561 | 8567 | 1 | 1 | 2 | 2 | 3 | 4 | 4 | 5 | 5 |
| 72 | 8573 | 8579 | 8585 | 8591 | 8597 | 8603 | 8609 | 8615 | 8621 | 8627 | 1 | 1 | 2 | 2 | 3 | 4 | 4 | 5 | 5 |
| 73 | 8633 | 8639 | 8645 | 8651 | 8657 | 8663 | 8669 | 8675 | 8681 | 8686 | 1 | 1 | 2 | 2 | 3 | 4 | 4 | 5 | 5 |
| 74 | 8692 | 8698 | 8704 | 8710 | 8716 | 8722 | 8727 | 8733 | 8739 | 8745 | 1 | 1 | 2 | 2 | 3 | 4 | 4 | 5 | 5 |
| **75** | 8751 | 8756 | 8762 | 8768 | 8774 | 8779 | 8785 | 8791 | 8797 | 8802 | 1 | 1 | 2 | 2 | 3 | 3 | 4 | 5 | 5 |
| 76 | 8808 | 8814 | 8820 | 8825 | 8831 | 8837 | 8842 | 8848 | 8854 | 8859 | 1 | 1 | 2 | 2 | 3 | 3 | 4 | 5 | 5 |
| 77 | 8865 | 8871 | 8876 | 8882 | 8887 | 8893 | 8899 | 8904 | 8910 | 8915 | 1 | 1 | 2 | 2 | 3 | 3 | 4 | 4 | 5 |
| 78 | 8921 | 8927 | 8932 | 8938 | 8943 | 8949 | 8954 | 8960 | 8965 | 8971 | 1 | 1 | 2 | 2 | 3 | 3 | 4 | 4 | 5 |
| 79 | 8976 | 8982 | 8987 | 8993 | 8998 | 9004 | 9009 | 9015 | 9020 | 9025 | 1 | 1 | 2 | 2 | 3 | 3 | 4 | 4 | 5 |
